# મીરાદાતાર દરગાહ પાસે બાયપાસથી બસો બારોબાર નિકળી જતા ફરિયાદ

ઊંઝા, તા. ૨૮

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતે મીરાંદાતાર દરગાહ પાસે નવિન નાળુ બનાવવાના કામે રસ્તાનુ ડાયવર્ઝન અપાતાં ગામમાંથી પસાર થતી એસ.ટી.ની મોટાભાગની બસો છેલ્લા એક સપ્તાહથી બાયપાસ હાઈવે પરથી બારોબાર નીકળી જતાં સ્થાનિક મુસાફરો અને બહારના યાત્રિકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.

ઉનાવા ગામમાંથી પસાર થતા જૂના હાઈવેને હાલમાં પહોળો કરવાનું કામ ચાલી રહ્યું છે. જેથી મીરાંદાતારની દરગાહ પાસે જૂનું નાળું તોડી નાંખતા અહિં ડાયવર્ઝન અપાયેલ છે. કોન્ટ્રાક્ટર દ્વારા આ ડાયવર્ઝનવાળો માર્ગ યોગ્ય રીતે બનાવવામાં આવ્યો નથી. એટલે એસ.ટી. બસોના કેટલાક ડ્રાઈવરોની ફરિયાદને લીધે ઊંઝા ડેપોના અધિકારીએ નોટિસ બોર્ડ પર ઉનાવા ગામમાં જવું નહિ બાયપાસ હાઈવેથી નીકળવુ તેવી સૂચના આપતાં અત્રેથી પસાર થતી મોટા ભાગની એસ.ટી. બસો બાયપાસ હાઈવેથી બારોબાર નીકળી જાય છે. આમ ઉનાવા ગામમાં બસો ન આવતા સ્થાનિક મુસાફર જનતા અને બહારથી આવતા જતા યાત્રાળુઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે.



# મોડાસામાં CAA અને NRCનો લઘુમતી સમાજનો અનોખો વિરોધ

મોડાસા શહેરમાં ઝછછ, દ્વઈઝ અને દ્વૅઈ નો વિરોધ નોંધાવવા અરવલ્લી મુસ્લિમ કો-ઓર્ડિનેશન કમિટી, મોડાસા દ્વારા અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં સોમવારે સાંજના ૭ થી ૭.૧૫ સુધી સતત થાળી-વેલણ વગાડવાનું એલાન કરતા મોડાસા શહેરના લઘુમતી સમાજના તમામ લોકોએ ધાબા પર પહોંચી થાળી-વેલણ વગાડી સરકારને જગાડવાનો પ્રયત્ન કરવાની સાથે વિરોધ નોંધાવ્યો હતો. પોલીસતંત્ર પણ લઘુમતી સમાજના આશ્ચર્યજનક કાર્યક્રમથી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સતર્ક બની હતી. મોડાસા શહેરમાં અરવલ્લી મુસ્લિમ કો-ઓર્ડિનેશન કમિટી, મોડાસા તેમજ વિવિધ લઘુમતી સંસ્થાઓએ ઝછછ, દ્વઈઝ અને દ્વૅઈ નો વિરોધ નોંધાવવા થાળી-વેલણ વગાડવાના અનોખા વિરોધમાં સોમવારે સાંજે ૭ વાગે લઘુમતી સમાજના પુરુષ, મહિલા, બાળકો સહીત લોકો ધાબા પર થાળી-વેલણ સાથે પહોંચી સતત ૧૫ મિનિટ્સ સુધી થાળી-વેલણ ખખડાવતા શહેર થાળી-વેલણ નાદથી ગુંજી ઉઠ્યું હતું. અચાનક શરૂ થયેલા થાળી-વેલણના રણકારથી શહેરીજનો આશ્ચર્યમાં મુકાયા હતા.

# મોડાસામાં અનામત રક્ષા મંચ (ARM) અનામત રક્ષા રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું GADનો ૧ ઓગસ્ટ-૨૦૧૮ પરિપત્ર રદની માંગ

મોડાસા, તા. ૨૮

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ- GADએ ૧લી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ એક ઠરાવથી ૧૮ વર્ષ જૂની અનામત નીતિમાં બદલાવ કર્યો હતો. જેના એક વર્ષ પછી વિવિધ સરકારી ભરતીઓમાં અનામત હેઠળના ઉમેદવારો જનરલથી વધુ મેરિટ મેળવે તો પણ તે અનામત પૂરતા મર્યાદિત રહ્યાની અસરો શરૂ થઈ છે. લોક રક્ષકદળ- LRDની ભરતીમાં જાહેર થયેલી પસંદગી યાદીમાં જનરલ કેટેગરીના મહિલા ઉમેદવારના કટ ઓફ મેરિટથી વધુ મેરિટ હોવા છતાંયે જી, જીઝ, ૅઝ અને ઈૅઝ વર્ગની મહિલા ઉમેદવારોને જનરલ કેટેગરીને બદલે છે તે જ અર્થાત અનામત કેટેગરીમાં જ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે, જેનો વિવાદ વકર્યો છે. ગાંધીનગરમાં ૪૫ દિવસથી આ નીતિના વિરુદ્ધમાં રાજ્યના તમામ ક્ષેત્રો-જ્ઞાતિઓની મહિલા ઉમેદવારો દ્વારા ઉપવાસ આંદોલન ચાલી રહ્યુ છે. મોડાસા શહેરમાં અરવલ્લી જીલ્લા અનામત રક્ષા મંચ દ્વારા અનામત રક્ષા રેલી યોજી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી લોક




રક્ષકદળની ભરતીમાં અનામત વર્ગની મહિલાઓને ન્યાય આપવામાં આવેની માંગ કરી હતી.

મંગળવારે મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં અનામત રક્ષા મંચ (ARM) અરવલ્લી જીલ્લા સમિતિ દ્વારા અનામત રક્ષા રેલી યોજી હતી. જેમાં મોટી સંખ્યામાં ઓ.બી.સી., એસ.સી. અને એસ.ટી. અગ્રણીઓ અને મહિલાઓ જોડાયા હતા. રેલી યોજી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ- GADએ ૧લી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ એક ઠરાવથી ૧૮ વર્ષ જૂની અનામત નીતિમાં બદલાવ કર્યો હોવાથી સરકારી ભરતીઓમાં અનામત વર્ગની મહિલાઓને જનરલ કેટેગરીમાં સ્થાન મળતું નથી અને અનામત વર્ગની મહિલાઓ પાસેથી રોજગારી છીનવી લેવાનું ષડયંત્ર ચાલી રહ્યું હોવાથી લોક રક્ષકદળની ભરતીમાં અનામત વર્ગની મહિલાઓને ન્યાય આપવામાં આવેની માંગ કરી હતી.

# ધનસુરાના ખોખરના મુવાડા ગામે ૧૧ વર્ષીય સગીરા પર પાડોશી નરાધમ યુવકે દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું

ધનસુરા, તા. ૨૮

હાલના સમયમાં યુવકોમાં વિકૃતિનું પ્રમાણ વધતું જાય છે અને તેનો ભોગ હવે બને છે માસૂમ બાળાઓ અને સગીરાઓ ક્રૂર દુનિયાથી અજાણ માસૂમ બાળાઓ પર નાની ઉંમરે જ છેડછાડ અને દુષ્કર્મની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. નાની વયે બનતાં આ અપરાધોની છાપ ભોગ બનનારાઓમાં જિંદગીભર રહેતી હોય છે.

અરવલ્લી જીલ્લામાં સાયરા(અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીનું ગેંગ રેપ વિથ મર્ડરની ઘટનાના પડઘા શમ્યા નથી ત્યારે આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ધનસુરાના ખોખરના મુવાડા (રમાણા) ગામની ૧૧ વર્ષની સગીરાને પાડોશી ૨૨ વર્ષીય યુવકે ઊંચકી જઈ દુષ્કર્મ આચરતા સગીરા હેબતાઈ ગઈ હતી. દુષ્કર્મની ઘટના ધનસુરા પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે ગણતરીના કલાકોમાં ૨૩ વર્ષીય કાળા સબૂર ખાંટને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી



હતી.

શુક્રવારે સાંજે ધનસુરા તાલુકાના ખોખરના મુવાડા(રમણા) ગામમાં રહેતી ૧૧ વર્ષીય સગીરા ઘરકામ કરી રહી હતી ત્યારે પાડોશમાં રહેતા કાળાભાઇ સબુરભાઈ ખાંટે (ઉં.વર્ષ-૨૩) પાછળથી સગીરાને ઉંચકી લઈ તેના ઘરમાં લઈ જઈ ઘરની લાઈટ બંધ કરી સગીરાને ચપ્પુ બતાવી મારી નાખવાની ધમકી આપી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરી નરાધમ આટલેથી ન અટકતા સગીરા સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરતા અને જાનથી મારી નાખવાની ધમકી અપાતા સગીરા ભયભીત બની હતી તેની સાથે બનેલી બર્બરતાની વાત તેના પરિવારજનોને કરતા પરિવારજનો સમસમી ઉઠ્યા હતા. પરિવારજનોએ નરાધમ કાળા સબુરને વાત કરતા ભોગ બનેલી સગીરાના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપતા પરિવારજનો ફફડી ઉઠ્યા હતા.

દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યની ભોગ બનેલી સગીરાના પિતાએ ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ધનસુરા પોલીસે તાબડતોડ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ કાળા સબુરભાઈ ખાંટને ઘરેથી ઝડપી પડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ દુષ્કર્મનો ભોગ બનેલી સગીરાની મેડિકલ તપાસની તજવીજ હાથ ધરી હતી.

# હિંમતનગરના સંગીતકારને અનોખી શ્રદ્ધાંજલિ

સાબરકાંઠા જિલ્લાના રૂપાલ ગામના વતની અને હિંમતનગરમાં રહી સંગીતની સાધના કરી પરીવારનું નામ ઉજાગર કરનાર હેમંત પ્રણામીના અવસાનને સાત માસ પૂર્ણ થતા તાજેતરમાં આ યુવા સંગીતકારની યાદમાં સાબરકાંઠાના સાહિત્ય રસિકો અને સંગીતના કલાકારો સાથેનો ઘરેબો કેળવી નામ રોશન કરનાર હેમંત પ્રણામીની યાદમાં અનુભવ ગીતનો ઉગતો સુરજ નામની પુસ્તિકાનુ કવિ લલીત પ્રણામી (ચિંતક)એ સંપાદન કરીને સ્વ. હેમંત પ્રણામીના સાથી કલાકારો અને મિત્રોની યાદીમાં પ્રગટ કર્યુ છે.



ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની મધ્યસ્થ કચેરીની સેન્ટ્રલ લાઈન ચેકિંગ સ્કવોર્ડમાં એ.ટી.આઈ. તરીકે ફરજ બજાવતા સંનિષ્ઠ અધિકારી દિનેશસિંહ સી. પરમારને ઉત્કૃષ્ટ કામગીરીની કદરરૂપે એસ.ટી. નિગમના ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલક તરફથી ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલ છે. દિનેશસિંહ અગાઉ ડીસા એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા.

# કોંગ્રેસને આત્મજ્ઞાન લાધ્યુ : સાબરકાંઠામાં બેરોજગારોની નોંધણી કરવાનું અભિયાન

## યુથ કોંગ્રેસ દ્વારા કાર્યકરોને અભિયાનમાં જોડાવવા અપીલ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા યુથ કોંગ્રેસ દ્વારા મંગળવારથી બેરોજગારોની નોંધણી કરવાનુ અભિયાન શરૂ કરાયું છે ત્યારે કેન્દ્રિય કોંગ્રેસના યુથ કોંગ્રેસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ એક એપ પર મિસકોલ કરવાથી નોંધણી થઈ જશે તેમ જણાવી સાબરકાંઠા યુથ કોંગ્રેસના પ્રમુખે આ અભિયાનને અંદરના ગામડાઓ સુધી લઈ જવાનો મક્કમ નિર્ધાર જાહેર કર્યો હતો.

આ અંગે સાબરકાંઠા યુથ કોંગ્રેસના પ્રમુખ પ્રિયવદનભાઈ પટેલ તથા જિલ્લા પ્રમુખ મણીભાઈ પટેલના જણાવાયા મુજબ ગત તા. ૨૩ જાન્યુઆરીથી સમગ્ર દેશમાં યુથ કોંગ્રેસ દ્વારા બેરોજગારોની નોંધણી કરવાના અભિયાનનો પ્રારંભ કરાયો છે. જે મુજબ જે કોઈ બેરોજગાર કોંગ્રેસે તૈયાર કરેલ એપમાં પોતાની નોંધણી કરાવવા માટે મોબાઈલથી મિસકોલ કર્યા બાદ તે બેરોજગારની નોંધણી થઈ જશે અને તેના મેસેજ પણ મિસકોલ કરનારના મોબાઈલ પર આવી જશે.

હાલ તો આ ઝુંબેશ શહેરી વિસ્તારોમાંથી શરૂ કરાઈ છે. જેને આગામી દિવસોમાં ઉંડાણના ગામડાઓ સુધી લઈ જવાશે. અભિયાન પૂર્ણ થયા બાદ સમગ્ર દેશના બેરોજગારોની સંખ્યા અંગે સત્તાધારી પક્ષનું ધ્યાન દોરવામાં આવશે અને સત્તાધારી પક્ષ દ્વારા રોજગારી આપવાના જે પોકળ વાયદા અને જાહેરાતો કરીને જશ ખાટવામાં આવી રહ્યો છે તેને ખુલ્લો પાડવામાં આવશે. જોકે કોંગ્રેસે રાજ્ય સરકારો પાસે આરટીઆઈની મદદથી બેરોજગારીના આંકડા માંગવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ સરકાર દ્વારા કોઈ માહિતી આપવામાં આવતી ન હોવાનો યુથ કોંગ્રેસના પ્રમુખે આક્ષેપ કરીને આ અભિયાનને સફળ બનાવવા માટે બેરોજગારોની મદદ માંગતી અપીલ પણ કરી છે.

# સાબરકાંઠામાં આન બાન અને શાનથી પ્રજાસત્તાક પર્વની ઉજવણી

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં રવિવારે ૭૧મા પ્રજાસત્તાક પર્વની આન, બાન અને શાનથી ઉમેંગભેર ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે જિલ્લા કક્ષાનો ધ્વજવંદનનો કાર્યક્રમ પ્રાંતિજ ખાતે યોજાયો હતો. જેમાં મંત્રીના હસ્તે ધ્વજવંદન કરાયા બાદ વિવિધ સરકારી યોજનાઓના ભાગરૂપે સહાય અને ચેકોનું વિતરણ કરાયા બાદ વિશિષ્ટ કામગીરી કરનાર જિલ્લાવાસીઓનુ બહુમાન કરાયુ હતુ. પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સફળ આયોજન કરાયુ હતુ.

૭૧મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે હિંમતનગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ધ્વજવંદનના કાર્યક્રમો યોજાયા હતા. જ્યારે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ રવિવારે તાલુકાના દલપુર ગામે ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તાજેતરમાં જન્મેલી દિકરીઓનું સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે તેમણે ૭૧માં પ્રજાસત્તાક પર્વનું મહત્વ સમજાવીને બાળકો તથા ગ્રામજનોને માહિતી આપી હતી.

દરમ્યાન હિંમતનગર તાલુકાના વિરપુર ગામના સરપંચ ફારૂક ખણુસીયાએ પ્રજાસત્તાક પર્વની ગ્રામજનોને એવી ભેટ આપી હતી કે સ્વચ્છ ભારત અંતર્ગત શૌચાલયનો ખાળકુવો



બનાવવો હશે તો તેના માટે વિરપુર ગ્રામ પંચાયત ૫૦ ટકા ખર્ચે સહાય પેટે આપશે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૧ અને ૨૨ દરમ્યાન બે વર્ષ સુધી તેનો લાભ ગ્રામજનો લઈ શકશે. સાથોસાથ પંચાયત દ્વારા ઉઘરાવવામાં આવતો પાણીવેરો માફ કરવાની જાહેરાત કરી હતી. જેને ગ્રામજનો તથા પંચાયતના સદસ્યોએ આવકારી સરપંચની કુનેહ બુદ્ધિની પ્રસંશા કરી હતી. તેજ પ્રમાણે તાલુકાના શેરડીટીંબા ગામે આવેલી પ્રાથમિક શાળામાં ગામના અગ્રણી મહિલા અરૂણાબેન પ્રજાપતિના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ ખાતે યોજાયેલા જિલ્લાકક્ષાના ધ્વજવંદનના કાર્યક્રમમાં સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત મંદબુદ્ધિના બાળકોની સંસ્થામાં ભણતા માનસિક દિવ્યાંગ બાળકોએ રાજ્ય કક્ષાના ખેલ મહાકુંભની વોલીબોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવનાર પ્રતિભાસારી ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યુ હતું. સાથોસાથ કોંગ્રેસ અને ભાજપ કાર્યાલયમાં પણ ધ્વજવંદનના કાર્યક્રમો યોજાયા હતા. હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમાં રવિવારે પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા કાર્યક્રમમાં શાળાની ભુતપૂર્વ વિદ્યાર્થીની હમીદાખાતુન મોહમદ ઈસહાક શેઠ દ્વારા ધ્વજવંદન કરાયુ હતુ. ત્યારબાદ તેણીએ વિદ્યાર્થીઓને સમયનો સદઉપયોગ કરવા માટે પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપીને જણાવ્યું હતું કે પઢાઈ લીખાય છોડકર ખુબ ખેલ પબજી, ફીર ન મીલે નોકરી તો બેચ સબજી, લોગ વક્ત કે સાથે ખેરીયત ન પુછતે, પુછતે હૈ તો સિર્ફ હેસીયત એમ જણાવતા બાળકો અને ઉપસ્થિત શિક્ષકો સહીત વાલીઓ પ્રવચન સાંભળીને વિચારતા થઈ ગયા હતા.

# બનાસડેરી કેમ્પસમાં ચેરમેન શંકરભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

## કામ પ્રત્યેની નિષ્ઠા અને પ્રમાણિકતા એ જ સાચી દેશભક્તિ છે : શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૨૮

રાષ્ટ્રના ૭૧માં પ્રજાસત્તાકદિને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ



બનાસ ડેરી કેમ્પસમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે બનાસ ડેરીના કર્મયોગી ઓને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષમાં આપણે સૌએ કરેલા સંકલ્પો સિદ્ધ થઈ રહ્યા છે. દૂધનું સંપાદન ૪૦ લાખથી વધારીને ૭૪ લાખ સુધી પહોંચવાનો સંકલ્પ સિદ્ધ થયો છે, ડેરીનું ટર્નઓવર ૪૦૦૦ કરોડથી વધીને ૧૧૦૦૦ કરોડે પહોંચ્યું છે. દર મહિને જિલ્લાના પશુપાલકોને ૬૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી આપણે કરી રહ્યા છે જે દુનિયામાં એક વિક્રમ જનક બાબત છે. સ્વ.ગલબાકાકાની પુણ્યતિથીએ આપણે લીધેલા સંકલ્પનું ફળ મેડિકલ કોલેજના નિર્માણથી શક્ય બન્યું છે અને દેશમાં સૌપ્રથમ એવી પશુપાલકોની માલિકીની મેડિકલ કોલેજ આપણે બનાવી છે. ટેક હોમ રાશન પ્લાન્ટ થકી કુપોષણ સામેના જંગમાં આપણે ઉત્તમ કામગીરી કરી રહ્યા છીએ. ખેડૂતની આવક ડબલ કઈ રીતે કરી શકાય તે માટે મધમાખી પાલન વ્યવસાય થકી અનેક ખેડૂતો દૂધના વ્યવસાયની સાથે જ કમાણી કરી રહ્યા છે અને આવનારા નજીકના સમયમાં જ આપણો ગોબરગેસ પ્લાન્ટ કાર્યરત થતા ખેડૂતો ગાય ભેસ ના છાણમાંથી પણ રૂપિયા રળતા થઈ જશે.

ખાદ્યતેલ બનાવવાનો પ્લાન્ટ પણ ધમધમતો થઈ ગયો છે. ફરીદાબાદ ડેરી પ્લાન્ટની કેપેસીટી ૧૫ લાખ લિટર દૂધની થઈ ગઈ છે અને નવો પેટ બોટલ પ્લાન્ટ પણ શરૂ થઈ ગયો છે. તેમણે ઉમેર્યું કે આપણે સૌએ સેવેલા સંકલ્પો સિદ્ધ થવામાં કર્મચારીઓની મહેનત, ધગશ અને પુરુષાર્થનું પરિણામ છે અને આ જ સાચી દેશભક્તિ નું કામ છે.

જિલ્લાના સાડા ચાર લાખ પશુપાલકોને આ પ્રસંગે સંદેશો પાઠવતા ચેરમેને જણાવ્યું હતું કે દૂધ ઉત્પાદકોએ ઉત્તમ ક્વોલીટીવાળું દૂધ આપીને આપણી ડેરીનું નામ વૈશ્વિક લેવલે રોશન કર્યું છે અને તેને પરિણામે ફૂડ સેફ્ટી એવોર્ડ આપણને મળ્યો છે, જે સૌ દૂધ ઉત્પાદકોની પ્રામાણિકતાને આભારી છે.

# પ્રાંતિજ ખાતે નવી બનેલ પોલીસ ચોકીનું લોકાર્પણ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે નવીન તૈયાર થયેલ પોલીસ ચોકીનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ ખાતે લાયંસ ગ્રુપ દ્વારા બનાવવામાં આવેલ પોલીસ ચોકી રોડનું નવીન કામને લઈને આરબી વિભાગ દ્વારા વચ્ચે નડતરરૂપ થતાં જે તે સમયે જમીન દોષ કરવામા આવી હતી અને ત્યાર બાદ પ્રાંતિજ



ભાખરીયા વિસ્તારમાં પોલીસ ચોકી ના હોવાથી કાઈમમાં વધારો થયો હતો. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા નગરપાલિકાના આંબેડકર શોપિંગમાં બીજા માળે એક દુકાનમાં પોલીસ ચોકી શરૂ કરવામા આવી હતી પણ જમીન દોષ કરેલ પોલીસ ચોકીથી દસ કદમ પાછળ અદ્યતન ચોકી બનાવતા નગરજનોમાં ખુશીનો માહોલ જોવા મલ્યો હતો. આજરોજ ૨૬મી જાન્યુઆરીના રોજ સાબરકાંઠા એસપી ચૈતન્ય રવિન્દ્ર મંડલીકના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી જેમાં સાબરકાંઠા ડીવાયએસપી કે.એચ. સૂર્યવંશી, પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, રઈશભાઈ કસ્બાતી, નગરપાલિકા પૂર્વ પ્રમુખ નિરવભાઈ પરીખ, ભરતભાઈ ફડીયા, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, પ્રાંતિજ ટાઉન જમાદાર હરીચંદ્ર સહિત પોલિસ સ્ટાફ સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# પ્રાંતિજ ખાતે જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિનની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જિલ્લા કક્ષાનો



પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. મંત્રી ગણપતભાઈ વસાવા દ્વારા ધ્વજવંદન કર્યુ હતું તો જિલ્લા સહિત તાલુકામાંથી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ ખાતે ૨૬મી જાન્યુઆરી આરી પ્રજાસત્તાક દિનની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી જેમાં આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણના વરદહસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. ધ્વજવંદન બાદ પરેડ, ટેબલો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ટેબલો દ્વારા તાલુકાના લોકોમાં કંઈક સંદેશો ફેલાય તે હેતુથી વિવિધ પ્રકારના ટેબલો બનાવવામાં આવ્યા હતા. અશ્વદળ પોલીસના જાંબાઝ જવાનો દ્વારા અશ્વ ઉપર સવાર થઈને વિવિધ કરતબો બતાવવામાં આવી હતી. ડોગ દ્વારા પણ તેમણી કરતબોની સાથે વિસ્ફોટ સામગ્રી શોધી કાઢવામાં આવ્યું હતું. જિલ્લા સહિત તાલુકા અને પ્રાંતિજમાં આવેલ શાળાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન



તો જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે આવેલ શેઠ.પી.એન્ડર હાઈસ્કુલ, નાલંદા સ્કૂલ, તક્ષશીલા સંકુલ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. અવરજવર હાઈસ્કુલ દ્વારા યોગા કાર્યક્રમ યોજાયો હતો. સન્માન પત્ર પ્રમાણપત્ર ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. પોલીસ જવાનો, જ્યાર્થીઓ, બેસ્ટ ટેબલો તથા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનુ શ્રેષ્ઠ પ્રદર્શનને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, વી.ડી. ઝાલા, જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ, જિલ્લા પોલીસ વડા ચૈતન્ય રવિન્દ્ર મંડલીક, જિલ્લા વિકાસ અધિકારી ડાં રાજેન્દ્ર પટેલ, સાબરકાંઠા ડીવાયએસપી કે.એચ. સુર્યવશી, પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરા, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, રઈશભાઈ કસ્બાતી, નાયબ મામલતદાર અશોકભાઈ કે પ્રાંતિજ પીઆઈ ચંપાવત સહિત જિલ્લા સહિત તાલુકા માંથી કર્મચારીઓ તથા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને તિરંગાને સલામી આપી હતી.